# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

# ફી, દંડ અને ખર્ચના વિનિયમો

# ૨૦૦૫નુ જાહેરનામા નં.૬

૨૦૦૩ ના વીજળી અધિનિયમની (૨૦૦૩ નો ૩૬મો ) ની કલમ ૧૮૧ અન્વયે તથા ૨૦૦૩ ના ગુજરાત વીજળી ઉદ્યોગ (પુનર્રચના અધિનિયમ) અધિનિયમ (૨૦૦૩ નો ૨૪ મો ગુજરાત અધિનિયમ) ની કલમ ૧૭ અન્વયે મળેલી, તથા તે અંગે તેમને સક્ષમ બનાવતી તમામ સત્તાઓની રૂએ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આ સાથે નીચેના વિનિયમો કરે છે.

## પ્રકરણ - ૧
## સામાન્ય

૧. **ટૂંકું શીર્ષક. વ્યાપ્તિ અને પ્રારંભ :**

આ વિનિયમોને ૨૦૦૫ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ફી, દંડ અને ખર્ચ) વિનિયમો કહેવાશે.

આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડશે.

રાજપત્રમાં પ્રસિધ્ધ થાય તે તારીખથી અમલમાં આવશે.

## પ્રકરણ - ૨
## વ્યાખ્યા અને અર્થઘટન

૨. **વ્યાખ્યા અને અર્થઘટન**

૨.૧ આ વિનિયમોના સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,

(૧) 'અધિનિયમો' સંયુકતપણે ૨૦૦૩ નો વીજળી અધિનિયમ અને ૨૦૦૩ નો ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમનો ઉલ્લેખ કરે છે.

(૨) 'આયોગ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ.

(૩) 'વીજળી અધિનિયમ' એટલે ૨૦૦૩ નો વીજળી અધિનિયમ (૨૦૦૩ નો ૩૬ મો અધિનિયમ)

(૪) 'ફી' એટલે અનુસૂચિમાં દર્શાવેલી ફી.

(૫) 'દંડ અને / અથવા ખર્ચ' એટલે અધિનિયમો અન્વયે આયોગ જે દંડ અને / અથવા ખર્ચ નાંખવા સત્તા ધરાવતા હોય તેનો ઉલ્લેખ કરે છે.

(૬) 'ફંડ' એટલે વીજળી અધિનિયમની કલમ ૧૦૩ અન્વયે રચવામાં આવેલ રાજય વિદ્યુત નિયંત્રક આયોગ.

(૭) 'વીજ ઉત્પાદન કંપની' એટલે વીજળી અધિનિયમ અન્વયે તેને જે અર્થ આપવામાં આવ્યો હોય તે રહેશે.

(૮) 'ગ્રિડ' એટલે આંતર જોડાણવાળી પ્રવાહન લાઈનો, પેટા-મથકો અને વીજ ઉત્પાદન પ્લાન્ટની ઊંચી વોલ્ટતાની આધારરૂપ પ્રણાલી.

(૯) ' રાજ્યનો અધિનિયમ' એટલે ૨૦૦૩ નો ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્રચના અને વિનિયમ) અધિનિયમ (૨૦૦૩ નો ગુજરાત અધિનિયમ ૨૪)

(૧૦) 'પરવાનેદાર' એટલે અધિનિયમો અન્વયે પરવાનેદાર

(૧૧) 'કાર્યવાહી' એટલે આયોગ અધિનિયમો અન્વયે પોતાના કાર્યો બજાવવામાં તમામ પ્રકારની જે કાર્યપધ્ધતિઓ હાથ ધરે તે તમામનો સમાવેશ થાય છે.

(૧૨) 'વિનિયમો' એટલે ૨૦૦૪ ના ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ફી, દંડ અને ખર્ચ ) વિનિયમો.

(૧૩) 'અનુસૂચિ' આ વિનિયમો સાથે જોડેલી અનુસૂચિનો ઉલ્લેખ કરે છે.

(૧૪) 'સચિવ' એટલે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સચિવ.

વિનિયમોમાં વપરાયેલા અને તેમાં વ્યાખ્યા નહીં અપાયેલા પરંતુ અધિનિયમોમાં વ્યાખ્યા અપાયેલ શબ્દો અને શબ્દસમૂહોના અર્થ અધિનિયમમાં તેમને આપેલા અર્થ મુજબ રહેશે. અહીં વપરાયેલ પરંતુ નિર્દિષ્ટપણે વિનિયમો કે અધિનિયમોમાં વ્યાખ્યા નહીં અપાયેલ અને સક્ષમ વિધાનસભાએ પસાર કરેલ તથા રાજયમાં વીજ-ઉદ્યોગને લાગુ પડતા કોઈપણ કાયદા અન્વયે વ્યાખ્યા અપાયેલ શબ્દસમૂહોના અર્થ આવા કાયદામાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ઉપરની બાબતોને આધીન રહીને, અહીં વપરાયેલા પરંતુ આ વિનિયમો કે અધિનિયમો કે સક્ષમ વિધાનસભાએ પસાર કરેલા કાયદામાં નિર્દિષ્ટપણે વ્યાખ્યા ન આપી હોય તેવા શબ્દસમૂહોના અર્થ સામાન્યરીતે વીજળી ઉદ્યોગમાં તેમને અપાયેલ અર્થ મુજબ રહેશે. ૧૯૦૪ ના મુંબઈ સામાન્ય ખંડ અધિનિયમ હાલના વિનિયમોના હેતુ માટે લાગુ પડશે.

**૨.૨ <u>અર્થઘટન</u> :**

આ વિનિયમોના અર્ધઘટનમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય.

(૧) એકવચન કે બહુવચનમાં આવતા શબ્દો, યથાપ્રસંગ અનુક્રમે બહુવચન કે એકવચનમાં સમાવિષ્ટ થતા હોવાનું ગણવામાં આવશે.

(૨) 'સમાવેશ' અથવા 'સહિત' શબ્દો તેના પછી આયાત જેવા વાકયાઓ કે શબ્દો આવતા હોય કે નહીં તે લક્ષમાં લીધા વિના 'મર્યાદાવિના' અથવા 'ને મર્યાદિત નહીં' એવા વાકયાંશો પાછળ આવતા હોવાનું ગણવામાં આવશે.

(૩) અહિંયા 'વિનિયમ' ના ઉલ્લેખ નો અર્થ અમલમાં હોય તેવા લાગુ પડતા કાયદા અનુસાર, આયોગે વખતોવખત સુધારેલ કે ફેરફાર કરેલ આ વિનિયમોના ઉલ્લેખ તરીકે કરાશે.

(૪) શીર્ષકો સુગમતા માટે મુકયા છે અને વિનિયમોના અર્થઘટનના હેતુ માટે તે ધ્યાનમાં લઇ શકાશે નહીં.

(૫) કાનૂનો, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને લગતા ઉલ્લેખોના અર્થ, તેમાં ઉલ્લેખ કરાયેલા આવા કાનૂન, વિનિયમો કે માર્ગદર્શક સૂચનાઓને, યથાપ્રસંગ એકત્રિત કરતી, સુધારતી કે બદલતી તમામ જોગવાઈઓ સહિત એવો થશે.

## **પ્રકરણ - ૩**

## **ફી**

### ૩. **અરજી અને પીટીશન અંગે ફી**

૧. આયોગને કરાતી દરેક અરજી, પિટીશન અને અપીલ સાથે અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબની ફી મોકલવી.

૨. આ વિનિયમો હેઠળ ચુકવવાપાત્ર ફી, 'ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ' ના નામે અમદાવાદ ખાતે ચુકવવાપાત્ર બેન્ક ડ્રાફ્ટ કે પે-ઓર્ડર દ્વારા કરાશે.

૩. આ વિનિયમો અન્વયે આયોગને મળતી તમામ ફી ફંડ ખાતે જમા કરાશે.

૪. આમ છતાં અરજદાર / દાદ માગનાર ગુજરાત સરકાર હોય તો, કોઈ ફી વસૂલ કરાશે નહીં.

## <u>પ્રકરણ - ૪</u>

## <u>દંડ અને / અથવા ચાર્જ</u>

### ૪. દંડ અને / અથવા ચાર્જ નાંખવા

(૧) અધિનિયમોની જોગવાઈઓને અધિન રહીને, આયોગ તેની સમક્ષ બાકી કોઈ બાબત કે કાર્યપધ્ધતિ અંગે નિર્ણય કરતી વખતે, અથવા બીજા કોઈ સમયે, અધિનિયમ હેઠળ ઘડાયેલા અધિનિયમ, નિયમો, વિનિયમો કે નિયમાવલિ અથવા આયોગે વખતોવખત આપેલા આદેશો કે હુકમોની જોગવાઈઓ કે જરૂરિયાતોના તેમના ભાગ અંગે પાલન ન કરે અથવા ઉલ્લંઘન કરે તો તે અંગે વીજઉત્પાદન કરતી કંપનીઓ અને પરવાનેદારો સહિત કોઈપણ વ્યકિત સામે દંડ અને / અથવા ચાર્જ નાખવા કાર્યવાહી શરૂ કરશે.

(૨) નકકી કરવાના દંડ અને / અથવા ચાર્જનું પ્રમાણ કે મર્યાદા નકકી કરતી વખતે, આયોગ બીજી પ્રસ્તુત બાબતો પૈકી નીચેની બાબતો વિચારણામાં લેશે.

- પાલન ન કરવાના કે ઉલ્લંઘનના સ્વરૂપ અને માત્રા
- પાલન ન કરવાને લીધે કે ઉલ્લંઘનને પરિણામે મેળવેલ અનુચિત લાભ કે ગેરવાજબી કાયદો.
- પાલન ન કરવાથી કે ઉલ્લંઘનને પરિણમે કોઈ વ્યકિત(ઓ) ને થયેલા નુકશાન કે પજવણીનું પ્રમાણ.
- પાલન ન કરવાની કે ઉલ્લંઘન કરવાની બાબતનું પુનરાવર્તન કરવાનો સ્વભાવ.

(૩) કોઈપણ દેડ અને / અથવા ચાર્જ નાંખતા પહેલા, આયોગ, જેના પર આવો દંડ અને / અથવા ચાર્જ નાંખવાનું વિચાર્યુ હોય તે વ્યકિતને આવે દંડ અને / અથવા ચાર્જની

દરખાસ્ત સામે તથા જેટલો દંડ અને / અથવા ચાર્જ નાંખવા વિચારેલ હોય તેની માત્રા સામે રજુઆત કરવાની તક આપશે.

(૪) આયોગ, વ્યકિતના પક્ષે અપાલન કે ઉલ્લંઘનનું સ્વરૂપ નિર્દિષ્ટ કરતી નોટિસ મોકલશે અને આવા અપાલન કે ઉલ્લંઘન માટે તેના પર શા માટે દંડ અને / અથવા ચાર્જ વસૂલ ન કરવો તે અંગેનો હિસાબ નિર્દિષ્ટ સમયની અંદર તેમના પર કારણદર્શક નોટિસ પણ મોકલશે.

(૫) નોટીસના જવાબમાં, વ્યકિત લેખિતમાં અપાલન કે ઉલ્લંઘનનો સ્વીકાર કરે ત્યાં, આયોગ તેની નોંધ કરશે અને અધિનિયમની જોગવાઈઓને અધિન રહીને, આયોગને કેસના સંજોગોમાં યોગ્ય હોવાનું લાગે તેટલો દંડ અને / અથવા ચાર્જ નાખી શકશે.

(૬) પેટા-ખંડ (૩) અન્વયે જેમને નોટિસ ઈશ્યૂ કરવામાં આવી હોય તેવી વ્યકિત, અધિનિયમ કે નિયમો કે વિનિયમો કે આયોગના હુકમની કોઈ જોગવાઈના અપાલન કે ઉલ્લંઘન અંગે કારણ દર્શાવવામાં નિષ્ફળ જાય અથવા તેનો ઈન્કાર કરે તો, આયોગ, તેને યોગ્ય જણાય તે રીતે આ બાબતમાં તપાસ કરશે.

(૭) આયોગને, ખાતરી થાય કે, અધિનિયમ, નિયમો કે વિનિયમોની કોઈ જોગવાઈનું અથવા આયોગના હુકમનું અપાલન કે ઉલ્લંઘન થયું નથી તો આયોગ નોટિસ રદબાતલ કરશે.

## (૫) દંડ અને ચાર્જની ચુકવણી

૧. આયોગે આદેશ આપ્યા પ્રમાણે દંડ અને / અથવા ચાર્જ, દંડ અને ચાર્જ નાખતો હુકમ આયોગ આપે તેના ૩૦ દિવસની અંદર અથવા આયોગે આવા હુકમમાં છૂટ આપી હોય તેવી વધારેલી તારીખની અંદર ચૂકવવાના રહેશે.

૨. દંડ અને / અથવા ચાર્જ ચૂકવવાની રીત, આ વિનિયમોના ખંડ-૩ ના પેટા-ખંડ (૨) અન્વયે જોગવાઈ કર્યા મુજબની રહેશે.

૩. આયોગે આદેશ આપેલ દંડ અને / અથવા ચાર્જ ઠરાવેલી સમય મર્યાદામાં ન ચુકવાય તો, તે જમીન મહેસૂલ બાકી તરીકે વસૂલ કરાશે.

## ૬. <u>લાઈસન્સ પર ચૂકવવાપાત્ર ફી</u>

(૧) પરવાનેદારો તેમજ માની લીધેલા પરવાનેદારો, અનુસૂચિ-૧ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ૨૦૦૫-૦૬ અને તે પછીના નાણાંકીય વર્ષ માટેની વાર્ષિક ફી ચુકવશે અને તેઓએ કોઈ પ્રારંભિક લાઈસન્સ ફી ચુકવવાની જરૂર રહેશે નહીં.

(૨) નવો પ્રવેશ મેળવનારે વાર્ષિક ફી ઉપરાંત પ્રારંભિક લાઈસન્સ ફી પણ ચૂકવવાની રહેશે.

(૩) ૨૦૦૫-૦૬ ના નાણાંકીય વર્ષની શરૂ થતી તમામ વાર્ષિક ફી, દર વર્ષે ૧૫ મી એપ્રિલ સુધીમાં ચૂકવવાની રહેશે.

(૪) વાર્ષિક ફી ની વિલંબિત ચુકવણીના કેસમાં, માસિક ૧% ના દરે વિલંબિત રકમ પર વ્યાજ ચૂકવવાનું રહેશે.

## (૭) <u>ફંડનો ઉપયોગ :</u>

આ વિનિયમો અન્વયે દંડ અને / અથવા ચાર્જ તરીકે મળેલી તમામ રકમો, આયોગે ખોલેલા અને જાળવેલા તે માહેના અલગ બેન્ક ખાતામાં જમા કરાવશે અને તે વીજળી અધિનિયમની કલમ ૧૦૩ ના ખંડ (સી) અન્વયે રાજય સરકાર તેવું જાહેર ન કરે ત્યા સુધી આ રકમો ફંડનો ભાગ બનશે નહીં.

૧. વીજળી અધિનિયમની કલમ ૧૦૩ અન્વયે રાજય સરકાર જાહેરનામાં દ્વારા તેથી ઊલટું નિર્દિષ્ટ ન કરે ત્યાં સુધી, આયોગ ઉપરના પેટા-ખંડ(૧) અન્વયે બેંકમાં જમા કરાવેલી રકમોનો, તેને યોગ્ય લાગે તે રીતે તેના કાર્યો બજાવવા ઉપયોગ કરશે.

(૮) **અનુસૂચિનો સુધારો**

આયોગ, અનુસૂચિમાં જોગવાઈ કર્યા પ્રમાણે, તેને યોગ્ય જણાય તે રીતે, હુકમથી વખતો વખત ફી ની રકમોમાં ઉમેરો કરવા, સુધારવા, બદલવા કે ફેરફાર કરવા હકદાર છે.

(૯) **પ્રકીર્ણ**

આ વિનિયમોમાંનું કશું પણ, આયોગને ન્યાયનો ઉદ્દેશ પરિપૂર્ણ કરવા જરૂરી જણાય તેવા હુકમો કરવાની સત્તાને મર્યાદિત કરતા હોવાનું કે અન્યથા અસર કરતા હોવાનું ગણાશે નહીં.

૧. આયોગને, બાબત કે બાબતોના વર્ગના ખાસ સંજોગો જોતા અને લેખિતમાં નોંધેલા કારણોસર, આવી બાબત કે બાબતોના વર્ગ અંગે નિર્ણય લેવામાં યોગ્ય કે આવશ્યક લાગે તો, આ નિયમોમાંનું કશું, આયોગને, અધિનિયમની જોગવાઈઓ સાથે સુસંગત રહીને, આ વિનિયમોની કોઈપણ જોગવાઈથી વિભિન્ન એવી કોઈ કાર્યપધ્ધતિ અપનાવતા અટકાવશે નહીં.

૨. આ વિનિયમોમાંનું, કશું પણ, આયોગને, ગર્ભિત રીતે કે સ્પષ્ટ રીતે, જેના માટે વિનિયમો ન ઘડવામાં આવ્યા હોય તેવી બાબત, તેને યોગ્ય અને વાજબી લાગે તે રીતે હાથ ધરતા અથવા અધિનિયમ હેઠળ કોઈપણ સત્તા અમલમાં મુકતા અટકાવશે નહીં.

**( પી.એસ.શાહ )**
**સચિવ**

**અમદાવાદ**
**૩૦મી માર્ચ,૨૦૦૫**

## અનુસૂચિ

| ક્રમ | વર્ણન | ફી |
|---|---|---|
| ૧. | ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૧૫ અન્વયે લાઈસન્સ આપવા પર પ્રારંભિક લાઈસન્સ ફી | રૂ ા. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) |
| ૨. | વાર્ષિક લાઈસન્સ ફી<br>(૧) પ્રવાહન લાઈસન્સ<br><br><br><br><br><br><br><br>(૨) વિતરણ લાઈસન્સ<br><br>(૩) ટ્રેડિંગ લાઈસન્સ<br><br><br><br>પરંતુ,વાર્ષિક લાઈસન્સ ફી, (અધિનિયમની કલમ-૧૪ના ખંડ-૧,૨,૩,૪ અને ૫ માં દર્શાવેલ પરવાનેદાર સહિત )દરેક પરવાનેદારનાણાંકિય વર્ષશરૂ થતા અગાઉથી ચુકવવાની રહેશે. ( પરંતુ, પ્રવાહન લાઈસન્સના કેસમા,વાર્ષિક લાઈસન્સ ફી, આગામી નાણાંકિય વર્ષ માટે મંજૂર કરેલ /અંદાજેલ પ્રવાહન ક્ષમતાના એકંદર પ્રમાણ પર આધાર રાખીને ગણવાની રહેશે.) | (૧)રૂ ા. ૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ લઘુત્તમ અને અધિકતમ<br>રૂ ા.૨૫,૦૦,૦૦૦ (રૂપિયા પચીસ<br>લાખ) ને અધિન રહીને વર્ષ કે તેના ભાગ દરમિયાન અમલમાં હોય તે પ્રવાહન ક્ષમતા કરારના મે.વો. દીઠ રૂ ા.૧૦૦૦ (રૂપિયા એક હજાર)<br><br>(૨) વીજળી વેચાણમાંથી આવકના ૦.૦૩ ટકા.<br>(૩) વીજળી વેચાણમાંથી આવકના<br>૦.૦૫ ટકા લઘુત્તમ રૂ. ૨,૦૦,૦૦૦(રૂપિયા બે લાખ) ની મર્યાદા |

| | | |
|---|---|---|
| | પરંતુ વિતરણ લાઈસન્સ લાઈસન્સના કેસમાં,આગામી નાણાંકિય વર્ષ માટે વીજળીના વેચાણમાંથી મંજૂર થયેલા અંદાજિત આવકને આધારે વાર્ષિક લાઈસન્સ ફી ગણવામાં આવશે.<br><br>પરંતુ ટ્રેડીંગ પરવાનેદારના કિસ્સામાં વાર્ષિક લાઇસન્સ ફીની ગણતરી આગામી નાણાંકીય વર્ષ માટે મંજૂર થયેલ/ અંદાજીત, ગુજરાત રાજ્યમાં પરવાનેદારને વીજળી વેચાણની આવક સિવાયની વીજળી વેચાણની આવક પર કરવાની રહેશે.<br><br>પરંતુ, કરાર કરેલ પ્રવાહન ક્ષમતા અથવા વીજળીના વેચાણથી થયેલ ખરેખર આવક, યથાપ્રસંગ,આ વિનિયમના હેતુસર વાપરેલ મંજૂર / અંદાજિત સ્તર કરતાં જુદા પડે ત્યાં, કરાર કરેલ ખરેખરી પ્રવાહ ક્ષમતા અથવા ખરેખરી આવકના આધારે ગણી કાઢેલ લાઈસન્સ ફી માનો વધારો કે ઘટાડો યથાપ્રસંગ, તે પછીના વર્ષ માટેની વાર્ષિક લાઈસન્સ ફી સામે સરભર કરાશે. | |
| ૩. | ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૧૭ અન્વયે પૂર્વ મંજૂરી માગતી અરજી | ન્યૂનતમ રૂ ા.૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) અને અધિકતમ રૂ ા.૨૦,૦૦,૦૦૦ (રૂપિયા વીસ લાખ)ને અધિન રહીને, જે માટે મંજૂરી માંગી હોય તે લેવડ-દેવડની કિંમતનો ૦.૦૧ ટકો. |

| | | |
|---|---|---|
| ૪. | ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૧૮અન્વયે લાઈસન્સના સુધારા માટેની અરજી.<br>(૧) પરવાનેદાર દ્વારા<br><br>(૨) પરવાનેદાર સિવાયની કોઈ વ્યકિતદ્વારા | <br><br>(૧)રૂ ા.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ)<br>(૨)રૂ ા.૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) |
| ૫. | વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૯ ની પેટા કલમ(૨) અન્વયે લાઈસન્સ રદ કરવાની અરજી.<br><br>(૧) પરવાનેદાર દ્વારા<br><br>(૨) પરવાનેદાર સિવાયની કોઈ વ્યકિત દ્વારા | <br><br>(૧)રૂ ા.૧૦,૦૦,૦૦૦ (રૂપિયાદશલાખ)<br>(૨)રૂ ા.૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) |
| ૬. | ઈન્ટર વિનીંગ પ્રવાહન સુવિધાઓનો ઉપયોગ કરવા માટે ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ૩૫અન્વયે અરજી | રૂ ા. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર) |
| ૭. | ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ ૩૫ ના પરંતુક અન્વયે ફાજલ ક્ષમતાના પ્રમાણ અંગેના વિવાદનો ન્યાય-નિર્ણય. | રૂ ા. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) |
| ૮. | ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૩૬ની પેટા-કલમ(૧) ના પરંતુક અન્વયે, દર, ચાર્જ, શરતો નકકી કરવા અંગેની શરતો | રૂ ા. ૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ) |
| ૯. | ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૪૦ સાથે વાંચતા કલમ (૨) ની પેટા-કલમ (૪૭) અન્વયે અને તે હેઠળ નિર્દિષ્ટ વિનિયમો | |

| | | |
|---|---|---|
| | અન્વયે ભેદભાવ રહિત ખુલ્લા પ્રવેશની<br>જોગવાઈ અંગેની તકરારનો ન્યાયનિર્ણય<br>ઉપરની બાબત નહીં આવરી લેવાયેલ.<br>(૧) પરવાનેદાર અથવા વીજ ઉત્પાદન કંપની દ્વારા નિર્ણય માટે સોંપેલા<br>(૨) કેપ્ટિવનું બાંધકામ, જાળવણી અને સંચાલન કરનાર વ્યકિત દ્વારા નિર્ણય માટે સોંપેલ<br>(૩) ગ્રાહક દ્વારા નિર્ણય માટે સોંપેલ | (૧)રૂ ા.૫૦૦૦૦૦ (રૂપિયા પાંચ લાખપૂરા)<br>(૨)રૂ ા ૨૫,૦૦૦(રૂપિયા પચ્ચીસ<br>હજાર પૂરા)<br><br>(૩) રૂ ા.૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર<br>પૂરા) |
| ૧૦. | ૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૪૨ના ખંડ<br>-૨,૩,૪ સાથે વાંચતા કલમ-૨ ની પેટા-<br>કલમ (૪૭)અન્વયે ભેદભાવ રહિત ખુલ્લા પ્રવેશની<br>જોગવાઈ અંગેની તકરારોનો ન્યાય નિર્ણય.<br>નીચે(૨)મા ઉલ્લેખ કરાયેલ વીજ ઉત્પાદન<br>કંપની સિવાયની બીજી વીજ ઉત્પાદ કંપની દ્વારા<br>અથવા પરવાનેદાર દ્વારા નિર્ણય માટે સોંપેલ.<br><br>(૨)વિતરણ પરવાનેદારની વિતરણ પ્રણાલી સાથે<br>સીધી રીતે જોડાયેલ વીજ ઉત્પાદન કંપની અથવા<br>કેપ્ટિવ વીજ ઉત્પાદન પ્લાન્ટનુ બાંધકામ, જાળવણી<br>અને સંચાલન કરનાર વ્યકિત દ્વારા નિર્ણય માટે<br>સોંપેલ<br>(૩) ગ્રાહક દ્વારા નિર્ણય માટે સોંપેલ | (૧)રૂ ા.૫૦૦૦૦૦ (રૂપિયા પાંચ લાખ<br>પૂરા)<br><br>(૨)રૂ ા. ૨૫,૦૦૦<br>(રૂપિયા પચીસ હજાર )<br><br>(૩) રૂ. ૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર) |

| | | |
|---|---|---|
| ૧૧. | ૨૦૦૩ના વીજળી આધિનિયમન૨૦૦૩ ના વીજળી અધિનિયમની કલમ-૬૨ ની પેટા-કલમ(૧) ના ખંડ(એ) જોગવાઈઓ અન્વયે અરજદારે ચુકવવાના પ્રશુલ્ક અંગે નિર્ણય.<br><br>(ક) પરંપરાગત આધારિત (કોલસો, ઓઈલ વગેરે) પ્લાન્ટ.<br><br>(ખ) સહ-વીજઉત્પાદન સહિત બિનપરંપરાગત અને નવીકરણપાત્ર ઊર્જા સ્ત્રોતો. | ૧૦૦ મે.વો. ની ક્ષમતા માટે રૂ ા. ૧૦,૦૦,૦૦૦ (રૂપિયા દસ લાખ) દરેક વધારાની મે.વો.ક્ષમતા અથવા તેના ભાગ માટે રૂ ા.૨,૫૦૦ (રૂપિયા બે હજાર પાંચસો પૂરા)<br><br>પ્રથમ ૧ મે. વો. ની ક્ષમતા માટે રૂ ા.૫૦૦૦ (રૂપિયા પાંચ હજાર) પ્રત્યેક વધારાના દરેક મે.વો. કે તેના ભાગની ક્ષમતા માટે રૂ ા. ૧૨૫૦ (રૂપિયા એક હજાર બસો પચાસ પૂરા) |
| ૧૨. | પરવાનેદારે ચૂકવવાની કલમ-૬૨ ની પેટા-કલમ (૧) ના ખંડ (સી) ની જોગવાઈઓ અન્વયે વીજળી પ્રવાહન માટે પ્રશુલ્ક નો વાર્ષિક / આધાર વર્ષ નિર્ણય.<br>પરંતુ આવી ફી ચૂકવવાપાત્ર છે - પછી આવો [illegible] વ્યકિતની અરજીને આધારે લેવાયો હોય અથવા આયો [illegible] હોય. | રૂ ા. ૧૫,૦૦,૦૦૦<br>(રૂપિયા પંદર લાખ પૂરા) |
| ૧૩. | પરવાનેદારે ચૂકવવાની કલમ-૬૨ ની પેટા-કલમ (૧) ના ખંડ (સી) ની જોગવાઈઓ અન્વયે વીજળી પ્રવાહન | રૂ ા.૫,૦૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ પૂરા) |

| | | |
|---|---|---|
| | માટે પ્રશુલ્ક નો વાર્ષિક / આધાર વર્ષ નિર્ણય.<br>પરંતુ આવી ફી ચૂકવવાપાત્ર છે - પછી આવો નિર્ણય પરવાનેદારનીકે બીજ કોઈ વ્યકિતની અરજીને આધારે લેવાયો હોય અથવા આયોગ દ્વારા સ્વમનેવ લીધેલો નિર્ણય હોય. | |
| ૧૪. | કલમ-૬૨ની પેટા કલમ(૧)ના ખંડ(ડી) ની જોગવાઈઓ અન્વયે વીજળીના છૂટક વેચાણ માટે પરવાનેદારે ચૂકવવાના પ્રશુલ્કનો નિર્ણય- વાર્ષિક / આધાર વર્ષ.<br>પરંતુ આવી ફી ચૂકવવાપાત્ર છે - પછી આવો નિર્ણય પરવાનેદારનીકે બીજી કોઈ વ્યકિતની અરજીને આધારે લેવાયો હોય અથવા આયોગ દ્વારા સ્વમનેવ લીધેલો નિર્ણય હોય. | 1 PS / યુનિટ ( ન્યુનતમ રૂ ૧૦,૦૦,૦૦૦/ રૂપિય દશ લાખ) અધિકતમ રૂ.૫૦,૦૦,૦૦૦ (રૂપિયા પચાસ લાખ) |
| ૧૫. | નિયંત્રણ મુદત દરમિયાન વાર્ષિક પ્રશુલ્ક સમીક્ષા - વહુવર્ષિય માળખુ તથા પરવાનેદારની કામગીરીના કેસમાં જરૂરી હોય તે પ્રમાણે પરવાનેદારે ચૂકવવાની રકમ. | રૂ ા.૫,૦૦,૦૦૦(રૂપિયા પાંચ લાખ પૂરા) |
| ૧૬. | વિતરણ પરવાનેદાર દ્વારા વીજ ખરીદી કે પ્રાપ્તિ માટે પ્રક્રિયા કે ભાવની મંજૂરી માટે પીટીશન / અરજી.<br>પરંપરાગત બળતણ આધારિત પ્લાન્ટ.(કોલસો,ઓઈલ વગેરે)<br><br>બિનપરંપરાગત અને નવિકરણપાત્ર ઉર્જાના સ્ત્રોતો. | ૨૫૦૦૦મે.વો.(ન્યુનતમ રૂ ા.૨,૦૦,૦૦૦ (રૂપિયા બે લાખ)અધિકતમ રૂ.૨૫,૦૦,૦૦૦ (રૂપિયા પચીસ લાખ)<br><br>ઉપરની રકમના ૫૦% |

| | | |
|---|---|---|
| ૧૭. | પ્રશુલ્ક હુકમ અથવા વીજળી ખરીદી સમજૂતિ કે વીજળી<br><br>પ્રાપ્તિ દરની સમીક્ષા માટે પરવાનેદારની અરજી. | પ્રશુલ્ક નક્કી કરવા મૂળ અરજીના સમયે ચૂકવેલ ૧૦% ફી |
| ૧૮. | અધિનિયમની કલમ ૪૫ અને કલમ-૪૬ અન્વયે વિતરણ પરવાનેદારના ખર્ચની અનુસૂચિની મંજૂરી માટે અરજી. | રૂ ા.૧,૦૦,૦૦૦ (રૂપિયા એક લાખ પૂરા) |
| ૧૯. | પરવોદારો અને યુટિલીટી વચ્ચેની તકરારો અને મતભેદો સાંભળવા અને તેના ન્યાય-નિર્ણય માટેની અરજી અને અંગે ફેર સમીક્ષા પીટીશન / અરજી. | કામના પ્રમાણને આધારે કેસ કેસના ધોરણે નિયત કરવાનુ |
| ૨૦. | મુખ્ય વીજ-નિરિક્ષક કે વીજ-નિરિક્ષકના નિર્ણય સામે અરજી | રૂ. ૫,૦૦૦( પાંચ હજાર ) |
| ૨૧. | વચગાળાની અરજી. | રૂ ૨૦,૦૦૦ (વીસ હજાર) |
| ૨૨. | વીજળી અધિનિયમની કલમ-૬૭ ની પેટા-કલમ ૪ અને ૫ અન્વયે ઉભી થયેલી તકરારો. | રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર) |
| ૨૩. | આ વિનિયમોમાં અન્યત્ર નહીં આવરી લેવાયેલ આયોગના કોઈપણ હુકમોની સમીક્ષા કે પુનર્વિચારણા માટે અરજી. | રૂ. ૫૦૦ (પાંચસો પુરા) |
| ૨૪. | બીજી કોઈ પિટીશન અરજી<br>૧.લાઈસન્સમાંથી મુકતિ આપી હોય તેવા યુટિલિટી/ પરવાનેદાર / માની લીધેલ પરવાનેદાર / વ્યકિત દ્વારા. | રૂ. ૧૦,૦૦૦ (દસ હજર |

| | | |
|---|---|---|
| | ૨.સંસ્થા / સંગઠન / કંપની (લિમીટેડ, પ્રાયવેટ લિમીટેડ, ભાગીદારી, માલિકી) દ્વારા.<br>૩.વ્યકિતગત ગ્રાહક<br>૪.જાતે વકીલાત કરવા વ્યકિતગત ગાહક<br>૫.ઉપર સમાવિષ્ટ નહીં કરેલી બીજી બાબતો. | રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)<br>રૂ. ૧૦૦૦ (એક હજાર)<br>રૂ.. ૫૦૦ (પાંચસો પુરા)<br>રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર) |
| ૨૫. | નિરિક્ષણની પરવાનગી આપેલ દસ્તાવેજોના નિરિક્ષણ માટે વિનંતી. | દૈનિક રૂ. ૫૦૦ (પાંચસો પુરા) |
| ૨૬. | છૂટ આપી હોય તે મુજબ પ્રમાણિત નકલો મેળવવા માટે | રૂ.૫(રૂપિયા પાંચ ) પ્રતિ પૂષ્ઠ |